આજે કલોલના વેડા ખાતે ઊર્જા કાર્યક્ષમ ભઠ્ઠીનું લોકાર્પણ

કુંભારી કામ કરતા કારીગરોને ૧૦૦ ટકા સહાયથી ભઠ્ઠી બનાવી અપાશે : ઊર્જા કાર્યક્ષમ ભઠ્ઠીથી પર્યાવરણની જાળવણી થશે અને કારીગર વર્ષે ૧ લાખ સુધીની કમાણી કરી શકશે : વર્ષાન્તે ૨૦૦ ભઠ્ઠીઓ બનાવવાનો લક્ષ્યાંક

ગાંધીનગર, તા.૭

ગુજરાત સરકારે કુંભારી કામ કરતા રાજયના ૫૦ હજાર પ્રજાપતિ પરિવારોના લાભાર્થે ઉર્જા કાર્યક્ષમ ભઠ્ઠી યોજના બનાવી ૧૦૦ ટકા સહાયથી ભઠ્ઠી બનાવવા ૨.૮૦ કરોડની ગ્રાન્ટ ફાળવી છે. ઉર્જા કાર્યક્ષમ ભઠ્ઠીનું લોકાર્પણ તા. ૮મી જૂન સોમવારે સવારે ૧૦.૩૦ કલાકે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી રમણલાલ વોરાના હસ્તે કલોલ તાલુકાના વેડા (ગોવિંદપુરા) ખાતે કરવામાં આવશે.

આ પ્રસંગે કુટીર ઉદ્યોગ-મીઠા ઉદ્યોગ અને ગૌસંવર્ધન વિભાગના રાજયકક્ષાના મંત્રી તારાચંદ છેડા સહ ઉદઘાટક તરીકે અને કુટિર અને ગ્રામોદ્યોગ ખાતાના સચિવ-કમિશનર વત્સલા વાસુદેવા પ્રયોજક તરીકે ઉપસ્થિત રહેશે. કાર્યક્રમનું આયોજન ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાનના નિયામક કે.એસ. પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું છે. રાજય સરકારે ફાળવેલ ૨.૮૦ કરોડની ગ્રાન્ટથી માટી કારીગરોને ૧૦૦ ટકા સહાયથી ઉર્જા કાર્યક્ષમ ભઠ્ઠી બનાવી અપાશે. આગામી બે વર્ષમાં ૨૦૦ જેટલી ભઠ્ઠીનું બાંધકામ કરવામાં આવનાર છે. આ ભઠ્ઠીથી પર્યાવરણની જાળવણી સાથે ૪૦ ટકા ઈંધણની બચત થશે જેના થકી ઝાડ કાપવાની જરૂરિયાત ઓછી થશે. ઉર્જા કાર્યક્ષમ ભઠ્ઠીના ઉપયોગથી કુંભારીકામના કારીગરો વર્ષાન્તે રૂપિયા ૧ લાખ સુધીની આવક મેળવી શકશે અને હવામાં જતા કાર્બન ડાયોકસાઈડમાં ૩.૭ લાખ ટનનો ઘટાડો થશે.

પ્રેમીકાને પામવા વાહન ચોર બનેલો પ્રેમી ઝડપાયો

પાંચ વાહનોની ચોરી કરી હોવાની કબુલાત : ડુપ્લીકેટ ચાવીથી વાહનો ચોરતો હતો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકા વિસ્તારમાં રહેતા એક વાહનચોરને ગાંધીનગર એલસીબીએ ચોરીના એકટીવા સાથે ઝડપી પાડયો હતો. પોતાની પ્રમીકાને પામવા તથા હરવા ફરવા લઈ જવા માટ પણ સઘન બનાવ્યું છે. દરમિયાન ગઈ કાલે માણસાના બોરૂ ગામના પાટીયા પાસેથી બોરૂના પ્રવિણ ઉર્ફે ટીનો અભાજી ઠાકોર એકટીવા સાથે શંકાસ્પદ રીતે પકડાયો હતો. વાહનના માલીકીના પુરાવાની માંગણી કરતાં ડરી ગયેલા પ્રવિણની ઉંડી પુછપરછ કરતાં તે વાહનચોરીનું

વાહનોની ચોરી કરવાના રવાડે ચઢી ગયો હોવાની આરોપી પ્રેમીએ કબુલાત કરી પાંચ વાહન ચોરી કબુલી લીધી છે. એલસીબીએ તેની ધરપકડ કરી વધુ પુછપરછ શરુ કરી છે.

ગાંધીનગર ડીએસપી વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી એલસીબી પી.આઈ. આશુતોષ પરમાર તથા તેમની ટીમે વાહન ચોરો પકડવા સઘન પેટ્રોલીંગ શરુ કરી બાતમીદારો સક્રીય કર્યા છે અને વાહન ચેકીંગ હોવાનું ખુલ્યું હતું. એકટીવા તેણે બાલવા ચોકડીથી ચોરી કરી હોવાનું ખુલતા વધુ પુછપરછ શરુ કરાઈ હતા જેમાં સ્મૃતિમંદિર ઘોડાસરથી બે એકટીવા, નરોડાથી એક એકટીવા ઘ-૬ થી સે-૨૪ જતા રોડ પરથી એક એકટીવા મળી અત્યાર સુધી પાંચ એકટીવાની ડુપ્લીકેટ ચાવીથી ચોરી કરી હોવાની સનસની કબુલાત કરી છે. પ્રેમીકાને પામવા માટે તે વાહનચોરીના રવાડે ચઢયો હોવાનું તપાસમાં ખુલ્યું છે.

પાટનગરમાં વધુ જાહેર શૌચાલયો બનાવવા માંગ

શહેરમાં માંડ પાંચ જેટલા પે એન્ટ યુઝ શૌચાલયો : ઝૂંપડપટ્ટીના લોકોને જાહેરમાં કુદરતી હાજતે જવું પડે છે : અમદાવાદ મ્યુ.ની યોજના અહીં પણ શરૂ કરવી જોઈએ

ગાંધીનગર, તા.૭

દેશભરમાં સ્વચ્છ ભારત અભિયાનનું બ્યુગલ જોરશોરથી વાગી રહ્યું છે. પરંતુ તેનો અવાજ રાજયના પાટનગરમાં સાંભળવા મળતો નથી. ગાંધીનગર શહેરમાં દરરોજ ૧૫ હજાર લોકો જાહેરમાં શૌચ ક્રિયા કરે છે. ત્યારે શહેરમાં જાહેર શૌચાલયો બનાવી શહેર પણ સ્વચ્છ અભિયાનમાં ભાગીદાર બને.

ગાંધીનગર શહેરના જાગૃત નાગરિક જૈમિન શુકલએ જણાવ્યું છે કે શહેરમાં ઝુંપડપટ્ટી અને ખુલ્લામાં વસવાટ કરતા લોકો શૌચાલયના અભાવે જાહેરમાં કુદરતી હાજતે જાય છે. તેનાથી ગંદકીમાં પણ વધારો થાય છે. શહેરમાં અંદાજીત પંદર હજાર જેટલા લોકો ખુલ્લામાં શૌચક્રિયા કરે છે ત્યારે આવા લોકો માટે શૌચાલય બનાવવા જોઈએ.

પાટનગરમાં પે એન્ડ યુઝ શૌચાલયો બનાવવામાં આવ્યા છે પરંતુ આ શૌચાલયો જાળવણીના અભાવે ઢોરોનો ડબ્બો બની રહ્યા છે. નગરમાં માંડ પાંચ જેટલા જાહેર શૌચાલયોનું નિર્માણ કરવામાં આવ્યું છે. શહેરમાં ઈ.સ. ૨૦૦૬માં જાહેર શૌચાલયો બનાવવામાં આવ્યા હતા પરંતુ તે પછી પ્રોજેકટ જ બંધ થઈ ગયો લાગે છે ત્યારે આ શૌચાલયોનું પુનઃ નિર્માણ કરવું જોઈએ.

વધુમાં જણાવ્યું હતું કે ગાંધીનગરના કલેકટરને ૧૦૦ જેટલા ઝુંપડાવાસીઓએ શૌચાલય બનાવવા રજુઆત કરી હતી પરંતુ ગરીબોનું સાંભળવા કોઈ તૈયાર થતું નથી. અમદાવાદમાં શૌચાલયમાં શૌચ ક્રિયા કરવા જનાર વ્યકિતને ઉપયોગ કરવા બદલ એક રૂપિયો આપવામાં આવે છે. એક રૂપિયાના કારણે લોકો ખુલ્લામાં જવાની જગ્યાએ શૌચાલયનો ઉપયોગ કરે તે માટે પ્રોત્સાહન આપવા માટે આપવામાં આવે છે.

ગાંધીનગર શહેરમાં પણ આ યોજના મહાનગર પાલિકા દ્વારા શરુ કરવામાં આવે તેવી ઈચ્છા વ્યકત કરી છે. નવ નિયુકત મેયર પાસે ઘણી આશા રાખવામાં આવી છે. મેયર આ સમસ્યાનું નિરાકરણ લાવે તેમ જણાવ્યું છે.

સમગ્ર દેશમાં સ્વચ્છતા અભિયાનનો ફુગ્ગો ખુબ ઉંચે ઉડી રહ્યો છે. ત્યારે ગાંધીનગરમાં હવા નિકળી રહી છે. શહેરમાં ખુલ્લામાં કુદરતી હાજતે લોકો જવાના કારણે ગંદકીનું સામ્રાજય નિર્માણ પામ્યું છે. ઘ રોડ ઉપરથી પસાર થતા પણ દુર્ગંધ આવે છે. દેશના વડાપ્રધાન દેશને મોભ જેવો બનાવવા આહ્વાનો કરી રહ્યા છો. નાગરિકોને સુવિધા આપવામાં સરકાર ઉણી ઉતરી રહી છે.

સે-૨૩ બી.પી. કૉલેજમાં પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમ 'નેચર ટ્રેલ' યોજાયો

ગાંધીનગર, તા.૭

સેકટર-૨૩માં આવેલ બી.પી. કોલેજ ઓફ બિજનેશ

એડમિનીસ્ટ્રેશન ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં 'નેચર ટ્રેલ' વિષય પર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના ૪૫ વિદ્યાર્થીઓ જોડાયા હતા.

સમગ્ર વિશ્વમાં ગ્લોબલ વોર્મિંગ એક સમસ્યા થઈ ગઈ છે. એક જ બાજુ પર્યાવરણનું કાસળ નિકળી રહ્યું છે ત્યારે પ્રકૃતિને બચાવી માનવજાતને પણ બચાવવા ગાંધીનગર સે-૨૩ સ્થિત બી.પી. કોલેજ દ્વારા પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કોલેજમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવા ૪૫ વિદ્યાર્થીઓ દ્વારા નેચર ટ્રેલ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.વિદ્યાર્થીઓએ ટ્રેકીંગ, વોચટાવર અને વિવિધ વૃક્ષો અને પર્યાવરણની માહિતી મેળવી હતી. વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે શુકનવંતા અગિયારના આંકડા સાથે સિંદુરના રોપા રોપવામાં આવ્યા હતા.

જેમાં આરએફઓ એ.જે. દેસાઈ સહિત વન વિભાગ સ્ટાફ જોડાયો હતો. શહેર વસાહત મહામંડળ પ્રમુખ અરૂણ બુચે વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. કોલેજના આચાર્યરમાકાન્ત પુષ્ટી, પ્રો. માર્ગી દેસાઈ સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહી કાર્યક્રમને માણ્યો હતો.

બીઆરટીએસને ગાંધીનગર સુધી લંબાવવા શહેર વસાહત મહાસંઘની ઉગ્ર માંગ

મેટ્રો ટ્રેન, મેટ્રો બોટ, વધુ એસટી બસો અને રેલવે સેવા સહિત સેકટરોના પડતર પ્રશ્નો અંગે માંગ : મીના બજારમાં કલ્પતરૂ સચિવાલય મોલ વિકસાવવા સૂચન

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા પાટનગરને લગતા વિવિધ પ્રશ્નો જેવા કે અપૂરતી બસ પરિવહન સેવાને કારણે ખાનગી વાહનોના ભરોસે નગરજનો આર્થિક નુકશાની વેઠી રહ્યા છે તે અંગે તેમજ હાઉસીંગ પધ્ધતિથી મકાનોની સ્કીમ મૂકવા, રેલવે સ્ટેશનથી જિલ્લાઓને સાંકળવા, મેટ્રો ટ્રેન અને ગાંધીનગર અમદાવાદ વચ્ચે મેટ્રો બોટ દોડાવવા, સેકટરોની કંપાઉન્ડ વોલ, લગ્નવાડીઓ અને મીના બજારમાં કલ્પતરૂ સચિવાલય મોલ બનાવવા જેવા પ્રશ્નો અંગે માંગ કરી છે.

વસાહત મહાસંઘના મતે અમદાવાદ-ગાંધીનગર વચ્ચે સચિવાલયના સવાર અને સાંજના પીકઅપ સમયે ૧૮૭ પોઈન્ટ બસો દોડાવાય છે આ સમયે અન્ય નગરજનોને બસોની તંગીના કારણે પીક અપ ટાઈમ હોવાથી ખાનગી વાહનોના ભરોસે રહેવું પડે છે જેમાં ભારે આર્થિક નુકશાન સહન કરવું પડે છે. માટે આ સમયે બસોની વ્યવસ્થા ગોઠવવા માંગ કરવામાં આવી છે. આ ઉપરાંત બીઆરટીએસ સેવાને ગાંધીનગર સુધી અને વિટકોસ સેવાને અમદાવાદ સુધી લંબાવવા પણ માંગણી કરવામાં આવી છે. આ ઉપરાંત ગાંધીનગરના રહીશો માટે હાઉસીંગ પધ્ધતિથી મકાનોની સ્કીમ મુકવા, કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચનો લાભ આપવા, સેકટરની કમ્પાઉન્ડ વોલ, સરકારી વસાહતના મકાનોને બ્લોક વાઈઝ કમ્પાઉન્ડ વોલ, મકાનોને સિન્ટેક્ષ ટાંકી અને ભૂગર્ભ ટાંકી બનાવી એક જ ઈલેકટ્રીક મોટરથી પાણી ચઢાવવા તેમજ સેકટરોની લગ્નવાડીઓ વગેરેને રીનોવેટ કરવા માંગ કરાઈ છે. કર્મચારીઓની બઢતી અંગેની ટલ્લે ચઢેલ ફાઈલોનો નિકાલ કરવા, નગરના માર્ગો પર અદ્યતન શૌચાલયોનું નિર્માણ કરવા પણ માંગ કરવામાં આવી છે.

આ ઉપરાંત પરિવહન ક્ષેત્રે વસાહત મહાસંઘે ગાંધીનગર રેલવે સ્ટેશનથી રાજયના તમામ જિલ્લાઓને સાંકળવા, ગુજરાતના ચાર ઝોન પ્રમાણે એસટીબસોની વ્યવસ્થા કરવા, અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રેલવેને પ્રાધાન્ય આપવા પણ માંગ કરી છે. વસાહત મહાસંઘે ગાંધીનગરના ધારાસભ્યો અને સંસદ સભ્ય પર નિષ્ક્રીયતાનો આક્ષેપ કરતા મીના બજારમાં કલ્પતરૂ સચિવાલય મોલ વિકસાવવા પણ સૂચન કર્યુ છે.

ગાંધીનગરના પ્રથમ મહિલા મેયર શ્રીમતી હંસાબેન મોદીના જન્મદિવસની ઉજવણી શુભેચ્છકો દ્વારા કરાઈ હતી. ૫૩માં જન્મ દિવસે શહેરના કોર્પોરેટરો તથા નગરના રાજકીય આગેવાનોએ ઉજ્જવળ કારકીર્દી માટેની શુભેચ્છા પાઠવી જન્મદિનના અભિનંદન પાઠવ્યા હતા.

કોલવડા ગામમાંથી દારૂ ભરેલી ગાડી પકડાઈ

રૂ. ૩.૭૬ લાખના મુદ્દામાલ સાથે એકની ધરપકડ : એક વોન્ટેડ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર નજીક કોલવડા ગામમાં બાતમીને આધારે પેથાપુર પોલીસે દરોડો પાડી દારૂની બોટલની બાઈક પર ખેપ મારતો શખ્સ પકડાઈ ગયો હતો. તે જયાંથી દારૂ લઈ જતો હતો ત્યાં પોલીસે તપાસ કરી તો દારૂ ભરેલી ગાડી પડી હતી. પેથાપુર પોલીસે બાઈક, ગાડી અને દારૂ મળી કુલ રૂ. ૩.૭૬ લાખના મુદ્દામાલ સાથે એકની ધરપકડ કરી લીધી છે. જયારે બુટલેગર હજુ ફરાર છે.

પેથાપુર પીએસઆઈ ડી.બી. વાળાને બાતમી મળી હતી કે કોલવડામાં દારૂનો વેપલો ચાલી રહ્યો છે ત્યારે વોચ ગોઠવીને કોલવડામાંથી સુરેન્દ્રસિંહ ઉર્ફે સુરભા હેમતુજી વાઘેલાની બાઈક પર દારૂ લઈને ડીલીવરી આપવા જતા પકડી પાડયો હતો. તે દારૂ એક ગાડી ઈન્ડીગોમાંથી ભરીને ડીલીવરી આપવા જતો હતો તે જાણવા મળતા પેથાપુર પોલીસે દારૂ ભરેલી ગાડી પણ પકડી પાડી છે. ૧૭ પેટી વિદેશી દારૂ કિં. રૂ. ૬૧,૨૦૦ તથા ગાડી અને બાઈક મળીને કુલ રૂ. ૩,૭૬,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કરી સુરભાની ધરપકડ કરી લેવાઈ છે જયારે બુટલેગર દિગ્વિજય ઉર્ફે ડીગુભા વાઘેલા હજુ વોન્ટેડ છે.

જાહેર આરોગ્ય ખાતાના કર્મચારી સોસાયટીના હોદ્દેદારો નિમાયા

સરકારી જાહેર આરોગ્ય ખાતાના કર્મચારીઓની કો.ઓ. ક્રેડિટ સોસાયટીના વર્ષ ૨૦૧૫-૧૬ના હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. જેમાં ચેરમેન વી.એમ. પટેલ, વાઈસ ચેરમેન એલ.એસ. દેસાઈ, સેક્રેટરી વી.જે. ચાવડા, જનરલ સેક્રેટરી કેતન પંડયા, કારોબારી સભ્યોમાં ડી.ડી. પ્રજાપતિ, ગિરીશભાઈ પટેલ, કૌશિક બારોટ, આર.જે. વાઘેલા અને બી.એન. રોહિતની વરણી કરવામાં આવી છે.

સિસિકાના હોદ્દેદારોની વરણી કરાઈ

ગાંધીનગર, તા.૭

સિનિયર સિટીઝન કાઉન્સિલ ગાંધીનગરની બાવીસમી વાર્ષિક સભા યોજાઈ હતી. સભામાં વર્ષ ૨૦૧૫ થી ૧૭ માટે હોદ્દાદોરની વરણી કરવામાં આવી હતી. જેમાં મેનેજીંગ ટ્રસ્ટી મહેન્દ્રકુમાર એમ. શાહ, આજીવન ટ્રસ્ટી વિષ્ણુપ્રસાદ પી. વ્યાસ, કનુભાઈ એસ. શાહ, મધુસુદન આર. ગાંધી ટ્રસ્ટી રસિકભાઈ જે. ગાંધી, ભૂપેન્દ્રકુમાર ડી. શાહ, સોમાભાઈ ડી. પરમાર તેમજ પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણી, ઉપપ્રમુખ હસમુખભાઈ શાહ, મંત્રી જીવણલાલ શાહ, સહમંત્રી દશરથભાઈ પરમાર, અક્ષયભાઈ રાણા, કોષાધ્યક્ષ હરજીવન પંચાલ અને કારોબારી સભ્યોમાં હરેશભાઈ ભટ્ટ, અશ્વિનભાઈ શાહ, મીનાબેન શાહ, આશાબેન દોશી અને મનહરભાઈ શાહની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૫
સૂર્યાસ્ત : ૭.૨૪

તાપમાન

મહત્તમ : ૪૩.૦ ડિ.સે.
લઘુત્તમ : ૩૦.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૪૩ ટકા ● સાંજે ૨૨ ટકા

મનોરંજન

સિનેમેક્સ

સ્ક્રીન-૧ :
ઉડી સન એન્ટ્રીસ : ૯.૩૦, ૫.૨૦, ૧૦.૩૫
બેયાર : ૧૨.૦૦
ઈશ્કેદરિયાં : ૨.૩૦
પિકુ : ૭.૨૦

સ્ક્રીન-૨ :
વેલકમ ટૂ કરાંચી : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૨૫, ૭.૧૫, ૧૦.૦૫

સ્ક્રીન-૩ :
વેલકમ ટૂ કરાંચી : ૯.૩૦
બેયાર : ૧૨.૨૦
ગબ્બર હીઝ બેક : ૩.૩૦
તનુ વેડસ મનુ રીટર્ન : ૬.૦૫, ૯.૦૦

સ્ક્રીન-૪ :
બેયાર : ૧૦.૩૦
તનુ વેડસ મનુ રીટર્ન : ૧.૨૫, ૪.૨૦, ૭.૧૫, ૧૦.૧૦

સિટીપલ્સ

: સ્ક્રીન-૧ :
દિલ ધડકને દો : ૩.૧૫, ૬.૪૫, ૧૦.૧૫

સ્ક્રીન-૨ :
દિલ ધડકને દો : ૨.૧૫, ૫.૪૫, ૯.૩૦

સ્ક્રીન-૩ :
દિલ ધડકને દો : ૧૨.૧૫, ૪.૦૦, ૧૦.૧૫
તનુ વેડ મનુ ૨ : ૭.૧૫

સ્ક્રીન-૪ :
જોબકા : ૧૦.૦૦
તનુ વેડ મનુ ૨ : ૧૨.૦૦, ૨.૪૫, ૧૦.૦૦
પીકુ : ૫.૩૦
કાક્કા મુત્તાઈ (તમિલ) : ૭.૪૫

સ્ક્રીન-૫ :
દિલ ધડકને દો : ૧૦.૦૦, ૧.૩૦, ૪.૪૫, ૮.૧૫

આપની આજ

મેષ : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

વૃષભ : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

મિથુન : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે.માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

કર્ક : નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

સિંહ : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

કન્યા : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

તુલા : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

વૃશ્ચિક : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે. સત્સંગ થશે.

ધન : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

મકર : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

કુંભ : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

મીન : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

ચિરવિદાય

- સ્વ. હંસાકુમારી દિલાવરસિંહ જાડેજા (ઉ.વ.૬૦) પ્લોટ નં. ૫૦૮, આદર્શનગર, સેકટર-૨૪, ગાંધીનગર
- સ્વ. પ્રમોદચંદ ભોળાનાથ ઉપાધ્યાય (ઉ.વ.૭૩) બ્લોક નં. ૨૬, હરીનંદ ફ્લેટ સેકટર-૨૮, ગાંધીનગર
- રઘુદેવ મોહનલાલ શુક્લ (ઉ.વ.૮૭) પ્લોટ નં. ૨૦૮, ઊર્મિદીપ, આનંદવાટિકા, સે-૨૨,ગાંધીનગર
- સ્વ. હિરાબેન ભગવાનભાઈ રબારી (ઉ.વ.૮૫) મુ. ઈન્દ્રોડા, તા.જી. ગાંધીનગર